### ભારતનો પાકિસ્તાન ટીમ સામે પરાજય

## જિલ્લાના સટોડિયાઓએ લાખો રૂપિયા ગુમાવ્યા, ૪ કરોડથી વધુનો સટ્ટો લાગ્યો હતો

### જિલ્લામાં સટ્ટા બજારના ધમધમાટ વચ્ચે પોલીસ નિષ્ક્રિય

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૫
ટી-ટ્વેન્ટી વર્લ્ડ કપ શરૂ થવાની સાથે સટ્ટો રમતા સટ્ટોડિયાઓ જિલ્લામાં સક્રિય થયા છે. ગત રોજ ભારત-પાકિસ્તાનની ટીમ ઉપર સટ્ટોડિયાઓએ કરોડોનો સટ્ટો નાંખ્યો હતો. પરંતુ આશ્ચર્યજનક રીતે ભારતની કારમી હાર થતાં અનેક સટ્ટોડિયાઓએ લાખો રૂપિયા ગુમાવાની સાથે રોવાનો વારો આવ્યો છે. ભારત-પાકિસ્તાની મેચ ઉપર જ જિલ્લાના શહેરી વિસ્તારોમાં કરોડોનો સટ્ટો લાગ્યો છે.

ક્રિકેટ મેચમાં ફિક્સીંગના અનેક ચોંકાવનારા ખુલાસાઓ ભૂતકાળમાં થયા છે. ગમે તેટલી વોચ રાખવમાં આવે તો પણ સટ્ટો અને મેચ ફિકસ કરવાની બાબતો ઉપર અંકુશ લાવવો મુશ્કેલ છે. દુબઈ, શારજાહ અને અબુધાબીમાં ટી-ટ્વેન્ટી વર્લ્ડ કપ શરૂ થવાની સાથે બૂકીઓએ ત્યાં ધામા નાખ્યા છે. આઈસીસી પણ બૂકીઓ ઉપર વોચ રાખીને બેઠી છે. ગત રોજ સમગ્ર દુનિયાની નજર ભારત-પાકિસ્તાનની મેચ ઉપર હતી. જિલ્લામાં મેચ શરૂ થઈ ત્યારે રસ્તાઓ, મહોલ્લાઓ અને ફળીયાં સુમસામ બની ગયા હતા. ક્રિકેટપ્રેમીઓ સાંજના ૭ થી ટીવી સામે ગોઠવાઈ ગયા. ભારતે ટોસ હાર્યો અને પાકિસ્તાને ભારતને બેટીંગમાં મોકલવાનો નિર્ણય લેતાં ચાહકોમાં ખુશાલી જોવા મળી. પ્રથમથી જ પાકિસ્તાન સામે ભારતીય ટીમનું પલ્લું હોવાના આંકડા જગજાહેર હતા. ભારત જ આસાનીથી વિજય મેળવશે તેવી ક્રિકેટ તજજ્ઞોએ પણ સંભાવના વ્યકત કરી પરંતુ ભારતે સસ્તામાં ઓપનીંગ જોડી ગુમાવ્યા પછી મિડલ ઓર્ડર ઉપર દબાણ વધ્યું અને પછી કેપ્ટન વિરાટ કોહલી, રિષભ પંથે બાજી સંભાળી લીધી. ભારતીય ટીમે ધારણા કરતા બેટીંગમાં નબળું પ્રદર્શન કર્યું અને ૧૫૨ રનનો જીત માટેનો ટાર્ગેટ આપ્યો પરંતુ ભારતનું બોલીંગ આક્રમણ નબળું સાબિત થયું અને ભારતીય ટીમનો પાકિસ્તાન સામે ૧૦ વિકેટે કારમો પરાજય થતાં ક્રિકેટપ્રેમીઓ નિરાશ થઈ ગયા જ્યારે પાકિસ્તાન સામે ભારતીય ટીમ દરેક મોરચે સબળ હોવાથી સટ્ટોડિયાઓએ કરોડોના સટ્ટા લગાવ્યા હતા પરંતુ ભારતની ટીમનો પરાજય થતાં જિલ્લાના સટ્ટોડિયાઓએ લાખો રૂપિયા ગુમાવ્યા છે. જિલ્લામાં ભારત-પાકિસ્તાનની મેચ ઉપર રૂા.૪ કરોડથી વધુનો સટ્ટો લેવાયાની આશંકા છે.




### ભારતના પરાજયથી અનેક ચાહકો રડી પડ્યા

ભારત-પાકિસ્તાનની મેચ દરમિયાન પાકિસ્તાને એકતરફી મેચ જીતી લેતાં ભારતના પરાજયથી જિલ્લાના અનેક ચાહકો ટીવી સામે રડી પડ્યા હતા. મેન્ટર તરીકે ભારતીય ટીમમાં મહેન્દ્રસિંહ ધોનીની પસંદગી કરાઈ છતાં પણ પ્રથમ મેચમાં તેનો કોઈ પ્રભાવ જોવા ન મળ્યાનો અને કેપ્ટન કોહલીએ ટીમ પસંદગીમાં વધુ ફાસ્ટરોને સમાવ્યાનો આક્રોશ ક્રિકેટ પ્રેમીઓમાં જોવા મળ્યો.

## અરવલ્લીના શામપુર ગામના ઉંચા ડુંગર ઉપર ૧૩ ફૂટનું મેરાયું આકર્ષણરૂપ

### દિવાળીની રાત્રે મેરાયું પ્રગટાવવામાં આવશે

બાયડ (બ્યુરો ઓફીસ) તા.૨૫
આજના આધુનિક યુગમાં ગ્રામ્ય સંસ્કૃતિ સાથે જોડાયેલી પરંપરાઓ કાળની ગર્તા માં ધકેલાઈ રહી છે. પહેલાં ના સમયમાં દિવાળીના દિવસે બાળકો હાથમાં મેરાયું પકડી આજ દિવાળી કાલ દિવાળી ગોકુળિયા થાય દિવાળી .... બોલતા બોલતા ઘરે ઘરે તેલ પુરાવા નીકળતાં હતા પણ હવે મેરાયું ની આ પ્રથામાં ઓટ આવતી જાય છે.જોકે અરવલ્લી જિલ્લાના મોડાસા ના શામપુર ગામે અનોખું મેરાયું વર્ષોથી એક અજાયબી છે.દિવાળીના દિવસે આ ગામના ઉંચા ડુંગર ઉપર ૧૩ ફૂટ ઉંચુ મેરાયું પ્રગટાવવાની પરંપરા આજે જળવાયેલી છે.ઈડર સ્ટેટ સમય થી આ પરંપરા ચાલી આવી છે.આ મેરાયું ઈંટ અને ચૂનાથી કોણે અને ક્યારે ચણવ્યું ? તેનો કોઈ લેખિત દસ્તાવેજ નથી પણ દિવાળીના દિવસે એમાં ઘી પૂરી પ્રગટાવાય પછી આ વિસ્તારમાં દીપોત્સવી પર્વની ઉજવણી થાય છે.

કહેવાય છે કે અગાઉ ના વર્ષોમાં આ મેરાયા માં ૫ મણ ઘી હોમાઈ જતું હતું. દિવેટ તૈયાર કરવા માટે સુતરાઉ ધોતી નો ઉપયોગ કરવામાં આવતો હતો.કાળક્રમે તેમાં તાંબાની કુંડી ફીટ કરી ઘી ની ખપત ઓછી કરવામાં આવી છે.પ્રજા અને પશુઓની સુખાકારી માટે આ ઉંચા ડુંગર ઉપર વિશાળ મેરાયું પ્રગટાવ્યા બાદ સ્થાનિક પ્રજા દીપાવલીનું પર્વ ઉજવે છે.વર્ષોથી આ પરંપરા ગ્રામજનો નિભાવી રહ્યા છે. દિવાળી ની રાત્રે વાજતે ગાજતે ગ્રામજનો એક જગ્યા એ ઘી અને શ્રીફળ લઈ એકત્ર થયા બાદ ડુંગર ચડતા હોય છે અને ત્યાર બાદ મેરાયું પ્રગટાવી સુખાકારી ની પ્રાર્થના કરતા હોય છે.આ વિસ્તારમાં મેરાયું એક અજાયબી રૂપ છે.બહારથી આવનારા ડુંગર ની ટોચે ઉંચુ મેરાયું જોઈ અને તેની વાત સાંભળી આશ્ચર્યમાં મુકાઈ જતાં હોય છે.



## સાબરકાંઠા-અરવલ્લીમાં ફટાકડા સ્ટોલ ખુલ્યાં, ગ્રાહકોની રાહ જોવાય છે

### ભાવમાં ૧૫ ટકા સુધીનો વધારો અસહ્ય, પોલીસ અને વહિવટીતંત્રને ઘી-કેળાં

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૫
જિલ્લામાં દિવાળીના તહેવાર નિમિત્તે તંત્ર દ્વારા હંગામી ફટાકડા સ્ટોલના પરવાના આપવામાં આવ્યા છે. દરેક શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ફટાકડાના સ્ટોલ ખુલ્યા પછી દિપાવલી પર્વ આવી રહ્યું છે તેવો પ્રજાને અહેસાસ થઈ રહ્યો છે. ફટાકડા સ્ટોલ તો ખુલ્યા પરંતુ ભાવમાં ૧૫ ટકા સુધીનો વધારો ગ્રાહકોને અકળાવતો હોય તેમ ક્યાંય સ્ટોલ ઉપર ઘરાકી જોવા મળતી નથી. હંગમી ફટાકડા સ્ટોલના પરવાના આપવામાં પોલિસ અને વહિવટીતંત્રને ઘી-કેળાંની સ્થિતિ છે. કેટલાંક વિસ્તારોમાં ફાયરસેફ્ટીના નિયમોને નેવે મૂકી સ્ટોલ શરૂ કરાતાં કલેકટરના આદેશનું ઉલ્લઘંન થયાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લા વહિવટીતંત્ર દ્વારા દરેક તાલુકા અને શહેરી વિસ્તારોમાં હંગામી ફટાકડા સ્ટોના આવેલા આવેદનો સામે પોલિસ અભિપ્રાય પછી ફટાકડા સ્ટોલ માટે એક જ સ્થળે ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવાની શરતે પરવાના આપવામાં આવ્યા છે પરંતુ તમામ સ્થળોએ નિયમો નેવે મૂકવામાં આવ્યા છે જેથી જે-તે વિસ્તારના પ્રાંત અધિકારી , પોલિસ ઈન્સ્પેક્ટરો વગેરેને કામગીરી ઉપર અનેક સવાલ ઉભા થયા છે. કેટલાંક વિસ્તારોમાં તો ફટાકડા સ્ટોલની મંજુરી આપવામાં આવી હોય તેના કરતાં અનેકગણા સ્ટોલ ખુલી ગયાની ફરીયાદો સાંભળવા મળી રહી છે. ફટાકડાના ભાવમાં કોરોનાનું સંક્રમણ અને ઓછી ઘરાકી રહેશે તે નિશ્ચિત હોવા છતાં ભાવમાં વિવિધ વેરાઈટીના ફટાકડા દીઠ ૧૦ થી ૧૫ ટકા સુધીનો ભાવ વધારો પ્રજા અને ગ્રાહકો ઉપર અસહ્ય બોજ બની શકે છે. જે રીતે ફટાકડાના સ્ટોલ ખુલ્યા છે તે જોતાં ખાઉધરા તંત્રની બેધારી નીતિ દરેક વિસ્તારોમાં સ્પષ્ટ જોવા મળી રહી છે. જિલ્લા કલેક્ટરો દ્વારા આ અંગે કડકાઈ દાખવવામાં નહિ આવે તો દિપાવલી પર્વ સુધીમાં અનેક વિસ્તારોમાં મોટા હાદશાની આશંકા પણ સેવાઈ રહી છે.




### ધાનેરાના ધારાસભ્ય નાથાભાઈ પટેલ પરિવાર દ્વારા ભાગવત સપ્તાહનું આયોજન

ધાનેરામાં ધારાસભ્ય પરીવાર દ્વારા ભાગવત સપ્તાહ નુ આયોજન કરાયુ.ત્રંબકેશ્વર મહાદેવના મંદિરેથી કથા સ્થળ સુધી પોથીયાત્રા નિકળી ધાનેરા ખાતે ધારાસભ્ય નથાભાઈ પટેલ પરીવાર દ્વારા શ્રી ભાગવર સપ્તાહનું ભવ્ય આયોજન શિવાજીપાર્ક સોસાયટી ખાતે કરવામાં આવ્યુ છે. સોમવારે ૧૨ કલાકે શ્રી ત્રંબકેશ્વર મહાદેવના મંદિરેથી પોથીયાત્રા નિકળી હતી જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને આ પોથીયાત્રા ને કથા સ્થળ સુધી લાવ્યા હતા અને કથા સ્થળે પોથીનું પુજન કરીને કથાકાર એવા શ્રી વિક્રમપ્રસાદજી મહારાજ રૈયાવાળા ના મુખેથી સાત દિવસ ભાગવત કથાની અમૃત રસ લોકો લેનાર છે. નાથાભાઈ પટેલે ભાગવત સપ્તાહ સત દિવસ ચાલનાર છે અને તે બપોરે ૧ વાગ્યાથી ૪ વાગ્યા સુધી ચાલશે માટે ધાનેરા તાલુકાના લોકો અમૃતવાળીનો લાભ મેળવે તેવી વિનંતી છે.

### શામળાજી, રાણી, કાલિયાકુવા વિસ્તારમાં સઘન ચેકીંગ

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં દિવાળીના તહેવારોના લીધે પોલીસ સતર્ક

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૫
સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં દિપાવલીના તહેવારોના લીધે માર્ગો ઉપર વાહનો તેમજ બજારમાં ગ્રાહકોની અવર જવરમાં વધારો થતાં પોલીસ તહેવારોને લીધે સતર્ક થઈ છે. જિલ્લાના માર્ગો ઉપર પોલીસ ટીમો દ્વારા વાહનોનું સઘન ચેકીંગ શરૂ કરવામાં આવ્યું છે. પ્રકાશ પર્વની ઉજવણી શાંતિપૂર્ણ વાતાવરણમાં થાય તેવા આશયથી ઠેકઠેકાણે પોલીસ કાયદો વ્યવસ્થા ઉપર નજર રાખી રહી છે. ખાસ કરીને એસ.ટી. બસ મથકોમાં મુસાફરોની ભીડનો ફાયદો ઉઠાવી ખિસ્સા કાતરૂઓ મુસાફરોનાં ખિસ્સાં હળવાં કરવાની સાથે મહિલાઓના ગળામાંથી સોનાના દોરા ખેંચાઈ જતા હોવાથી પોલીસ દ્વારા બસ મથકોમાં પેટ્રોલીંગ શરૂ કરાયું છે. જિલ્લાની શામળાજી, રાણી અને કાલિયાકુવા સરહદ ઉપર છેલ્લા ૨ દિવસથી સઘન પેટ્રોલીંગની શરૂઆત કરી છે.

જિલ્લામાં દર વર્ષે આવતા તહેવારો દરમ્યાન અસામાજીક તત્વો શાંતિ ડહોળવાનો પ્રયાસ કરતા હોય છે. જેથી પોલીસને ખાસ સતર્ક રહેવું પડતું હોય છે. જિલ્લામાં દિપાવલીના તહેવારોનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. નોકરી, ધંધાર્થે વતનથી દૂર સ્થાયી થયેલા પરિવારોએ વાહનોમાં વતનની વાટ પકડી છે. એક તરફ બજારોમાં દિવાળીની ઘરાકી નિકળી છે તો બીજી તરફ માર્ગો ઉપર પણ પસાર થતા વાહનોની સંખ્યામાં બમણો વધારો થતાં પોલીસ તહેવારોને લઈને ચોકન્ની બની ગઈ છે. જિલ્લાના હાઈવે માર્ગો ઉપર વાહનોનું સઘન ચેકીંગ થઈ રહ્યું છે. ખાસ કરીને સરહદી રાજસ્થાનમાંથી પ્રવેશતાં વાહનોમાં મોટાપાયે વિદેશી દરૂ ઘુસાડાઈ રહ્યો છે જેના કારણે શામળાજી સરહદે પોલીસ દ્વારા પરપ્રાંતમાંથી પ્રવેશતા વાહનોની તપાસ થઈ રહી છે. બંન્ને જિલ્લામાં દિપોત્સવીના તહેવારો દરમ્યાન કાયદો વ્યવસ્થા જળવાયેલી રહે તેવા પોલીસના પ્રયાસ રહ્યા છે. જિલ્લામાં બસ મથકોમાં મુસાફરોની સંખ્યામાં વધારો થતાં ખિસ્સા કાતરૂઓ કસબ ન અજમાવે તે માટે સાદા ડ્રેસમાં પોલીસ કર્મચારીઓ ગોઠવાયા છે.






### સાબરકાંઠા ''ખાખી'' ને બદનામ કરતો પોલીસ કોન્સ્ટેબલ

ગાંધીના ગુજરાતમાં દારૂ બંધીના પગલે વિદેશી દારૂમાં મબલખ કમાણીના પગલે કેટલાક પોલીસકર્મીઓ જ બુટલેગર બની બેઠા છે છેલ્લા કેટલાક સમયથી ખાખીને બદનામ કરતા અનેક પોલીસકર્મીઓ વિદેશી દારૂની ખેપ મારતા કે પછી બુટલેગરો સાથે ભાઈબંધી નિભાવતા જેલની હવા ખાઈ ચુક્યા છે ત્યારે સાબરકાંઠાના હિંમતનગર-એ ડિવિઝનમાં ફરજ બજાવતો અતુલ જીતેન્દ્ર પટેલ નામનો પોલીસકર્મી તેના સાથીદાર બુટલેગર સાથે અર્ટિગા કારમાં વિદેશી દારૂની ખેપ મારતા ભિલોડા પોલીસે દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

## હિંમતનગરના બાજીગર તરીકે ઓળખાતા સરકારી કર્મચારીને શામળાજી કોને બોલાવ્યો..!

### હવે કોને બોલાવાશે ? ટૂંકમાં અનેક ખુલાસા થવાની સંભાવના

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૫
હિંમતનગરના બાજીગર તરીકે ઓળખાતા સરકારી કર્મચારીને રવિવારે શામળાજીમાં બોલાવામાં આવતા આ મુદ્દો કર્મચારી-અધિકારી વર્તુળોમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે અને હવે બાજીગર પછી કોને બોલાવાશે તેની ચર્ચાઓ જોરમાં છે. હમણાં-હમણાંથી હિંમતનગરમાં ખરડાયેલી છબીવાળા અધિકારી કર્મચારીઓની શામળાજી તરફની મુલાકાતોથી અનેક વમળ ઉભા થયા છે. આવનારા દિવસોમાં અનેક ચોંકાવનારા ખુલાસા સંભવ છે.

વાત જાણે અમે છે કે હિંમતનગરના એક વિભાગના મોટા વહિવટદાર ગણાતાં તુષારની ચારેકોર નોંધ લેવાઈ રહી છે. આમ તો ફરજમાં આવ્યો ત્યારથી કોઈ સારી કામગીરી નથી પરંતુ મેનેજ કરવામાં માસ્ટર હોવાથી અનેક અધિકારીઓ માટે તે કમાઉ દિકરા જેવો બની ગયો છે. બાજીગરને બદલીના કોઈ નિયમો લાગુ પડતા નથી અને ઉચ્ચ અધિકારીને શરમાવે તેવી કારમાં ફરવાનું અને કોઈ ફીલ્ડવર્ક ક્યારેય કરવાનું નહિ. કાગળ ઉપર તમામ કામ ટનાટન બતાવી દેવાના અને પછી ઉચ્ચ કક્ષાએથી કોઈ તપાસ માટે આવે તો આલીશાન હોટલમાં તેમના માટે વ્યવસ્થા કરવામાં જરા પણ કચાશ રાખવામાં આવથી નથી પરંતુ તાજેતરમાં બાજીગરના તમામ પાસાં ઉંધા પડી રહ્યા છે તેને બનાવી રાખેલું લિસ્ટ અન્ય ફાઈલમાં મુકાયા પછી જ્યાં પહોંચવાનું હતું ત્યાં પહોંચી ગયું અને કહેવત છે કે ઉત્પાદક કરતા વેચનારો વધુ કમાય ત્યારે સમજવાનું કે સીસ્ટમમાં મોટી ખામી છે. બન્યું પણ એવું તુષારના મોતિયા મરી જાય તેવી વિગતો બહાર આવી છે તેને એક કામ એવું કર્યું અંદાજીત ૨ કિમી વિસ્તારમાં તે જોવા મળ્યું નથી. પરંતુ એક ખબરીલાલે વિગતો ઉજાગર કર્યા પછી મામલો દબાવા માટે હિંમતનગરના સંગેમરમર મારબલ વાળા એક દેવસ્થાનના પાર્કિંગમાં ચાલુ કારે બેઠક કરી પરંતુ કંઈ પરીણામ ન મળ્યું અને મામલો છેક શામળાજી સુધી પહોંચચ્યો ત્યારે કહેવાય છે કે બાજીગર તરીકે ઓળખાતા હિંમતનગરના સરકારી કર્મચારીને શામળાજી કોને બોલાવ્યો.

## અરવલ્લી જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવવા પ્રતિબંધક હુકમો જાહેર કરાયા

અરવલ્લી જીલ્લામાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા. ૦૫ નવેમ્બર -૨૦૨૧ના ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી પ્રદીપસિંહ અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઇ હુકમો જાહેર કરાયા છે. જેમાં શારીરીક ઈજા પહોચાડવા અંગે ઉપયોગમાં લઈ શકે તેવા શસ્ત્રો જેવાકે દંડા, તલવાર, ભાલા,સોટા,બંદુક, ચપ્પું, લાકડી કે લાઠી કે તેવી બીજી કોઈ વસ્તુઓ લઈ જવા અંગે અથવા સાથે લઈને ફરવુ નહી, કોઈ જલદી સળગી ઉઠે તેવી વસ્તુઓ સ્ફોટક પદાર્થો લઈ જવા-ફરવા નહી,પથ્થરો કે બીજા હથીયારો ફેકવા કે નાંખવાના યંત્રો કે સાધનો લઈ જવા કે તૈયાર કરવા નહી, સળગતી કે પેટાવેલી મશાલ સરઘસમાં લઈ જવી નહી, વ્યકિતઓ અથવા તેના તેના શબ, આકૃતિઓ કે આકાર અથવા પુતળા દેખાડવા નહી, લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા કે વાધ્ય વગાડવા નહી, અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી બિભત્સ સુત્રો પોકારવા નહી કે જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા હાવભાવ તથા ચેષ્ટા કરવાનુ તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો, ચિત્રો, નિશાનીઓ દેખાડવાનું અથવા ફેલાવો કરવવાનુ કે સાથે રાખીને ફરવુ નહી.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ અને વધુમાં વધુ , એક વર્ષની સજા થઈ દંડને પાત્ર થશે તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ૪૫ મા અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## સરડોઈ પંથકના ખેડૂતો સરકારની સિંચાઈ યોજનાનો લાભ મળતો નથી

### નબળી નેતાગીરીના કારણે ખેડૂતો સિંચાઈ યોજનાથી વંચિત

મોડાસા તાલુકાના સરડોઈ પંથકના ખેડૂતો દાયકાઓથી સિંચાઈના લાભથી વંચિત રહ્યા છે. રાજ્ય સરકારની એકપણ સિંચાઈ યોજનાનો લાભ મળ્યો ન હોવાથી ખેડૂતો માત્ર ચોમાસામાં જ સારૂ ઉત્પાદન મેળવી શકતા હોય છે. જ્યારે અન્ય સીઝનમાં સિંચાઈ માટેની અસુવિધાના કારણે ઉત્પાદનમાં ફટકો પડતાં ખેડૂતો દેવાના બોઝ હેઠળ દબાઈ રહ્યા છે. નર્મદાનાં પાણી કચ્છ સુધી પહોંચાડવામાં આવે છે ત્યારે સરકાર અને સિંચાઈ વિભાગ પંથકમાં સિંચાઈ યોજના માટેનો સર્વે કરાવી દાયકાઓથી સિંચાઈથી વંચિત રહેલા ખેડૂતોને સરકારી સિંચાઈ યોજનાનો લાભ અપાવે તેવું ખેડૂતો ઈચ્છી રહ્યા છે.

રાજ્ય સરકારની સિંચાઈ યોજનાથી ખેડૂતોને દરેક સીઝનમાં વાવેતરમાં ફાયદો થતો હોય છે. સરકારની મહત્વકાંક્ષી સુજલામ સુફલામ યોજનાના માધ્યમથી સૂકાભઠ્ઠ વિસ્તારોમાં ખેતીની હરિયાળી જોવા મળી રહી છે પરંતુ અસંખ્ય ગામો આજે પણ સરકારની સિંચાઈ યોજનાઓથી વંચિત રહેવું પડ્યું છે. મોડાસા તાલુકાના સરડોઈ, ટીંટીસર, સજાપુર, લાલપુર, પાદર, દાવલી, વાંટડા, શામપુર, નવા સહિતના ગામોના ખેડૂતોને સરકારની એકપણ સિંચાઈ યોજના સાથે જોડવામાં આવ્યા નથી. જેના કારણે ખેડૂતોને માત્ર ચોમાસા ઉપર નિર્ભર રહેવું પડતું હોય છે. કરોડોના ખર્ચે સરકાર સિંચાઈ યોજનાઓ અમલમાં મૂકે છે પરંતુ સિંચાઈથી વંચિત રહેલા ગામોને લાભ અપાવવા માટે કોઈ પ્રયાસ થતા નથી જેથી સરડોઈ પંથકના ખેડૂતો માટે સિંચાઈ યોજનાઓ ઝાંઝવાના જળ સમાન બની રહી છે. જિલ્લાના વાત્રક, મેશ્વો, માઝૂમ સહિતની કેનાલોથી અન્ય ખેડૂતોને સિંચાઈનો લાભ આપવામાં આવી રહ્યો છે પરંતુ ડુંગરાળ વિસ્તારના કારણે આજદિન સુધી સિંચાઈનાં પાણી સરડોઈ પંથકના ખેડૂતોના ખેતરમાં પહોંચે તેવા પ્રયત્નો સરકાર અને તેના વિભાગે કર્યા જ નથી. સરકારી સિંચાઈ સુવિધાના અભાવે ખેડૂતો પાક ઉપજમાં ખોટ સહન કરી રહ્યા છે અને પંથકમાં બોરકૂવાનાં તળ ઉંડાં જતાં ચોમાસા સિવાયની સીઝનમાં ખેડૂતોને પાકમાં સિંચાઈનાં પાણી આપવામાં મુશ્કેલ સ્થિતિ ઉભી થતી હોય છે. નબળી નેતાગીરીના કારણે ખેડૂતો સિંચાઈ યોજના માટે ટળવળી રહ્યા છે ગામોને યોજનાનો લાભ આપવા માટે તંત્ર ખેડૂતોની મદદે આવે તેવું પંથકની પ્રજા ઈચ્છી રહી છે.